# ઋણ સ્વીકાર

બાળપણથી વાર્તાઓ સાંભળવાનો રસ છે. મારા મમ્મી **(ભાવનાબેન)** ભણેલા બહુ ઓછું (સાત ધોરણ), પણ તેમને વાર્તાઓ અને લોકગીત-ભજનો ગાવા-સાંભળવાનો પહેલેથી શોખ. એટલે એમનાં મધુરકંઠ અને સ્મરણશક્તિનો લહાવો મને નાનપણથી મળેલો. મારી સાહિત્ય પ્રત્યરની રસવૃત્તિને પોષવા અને ઉછેરવામાં એમના આ શોખે ખૂબ જ સક્રિય ભૂમિકા ભજવેલી છે. પપ્પા **(રમેશભાઈ)** તો બિલકુલ ભણેલા જ નથી, છતાં એમની પાસેથી જીવનના જે પાઠ શીખવા મળ્યા એ કોઈ ના શીખવાડી શકે. એમણે વ્યવસાય અર્થે ખૂબ રઝળપાટ કરેલો, અને જીવનમાં વિવિધ પ્રકારના અનુભવોની મૂડી એકઠી કરેલી, એથી તેઓ એમના જીવનાનુભવો ઘણી વખત અમને કહે, ત્યારે એ સાંભળવાનો પણ અનેરો આનંદ થાય છે. માતા-પિતા જીવનના કેટલાંય પાઠ હસતાં-રમતાં શીખવાડી દે છે એ વાતને આજે પુનઃ સ્મરું છું અને આ નિમિત્તે સૌપ્રથમ મારા માતા-પિતાને હૃદયપૂર્વક વંદન કરું છું અને આભાર માનું છું.

વાર્તાઓ સાંભળવાનો શોખ આમ, નાનપણથી. ત્યાર પછી **પ્રાથમિક પે સેન્ટર શાળા, ચંદિયા** અને **માધ્યમિક શાળા, ચંદિયા**માં અભ્યાસ કર્યો, એ સમયે એ શાળાના શિક્ષકોએ મોટેભાગે પ્રેમથી અને ક્યારેક બળજબરી (ટીંગાટોળી કરીને લઈ જવો પડતો મને શાળાએ) થી જ્ઞાનનું સિંચન કર્યું. શાળાના આ બાલગુરુઓને અત્રે સ્મરી તેમનો હૃદયથી વંદનસહ આભાર માનું છું.

સંજીવની વિદ્યાલય - ઉત્તર બુનિયાદી (રતાડિયા, કચ્છ) માં માત્ર એક જ વર્ષ (૨૦૦૨-૦૩) ધોરણ ૧૦ માં અભ્યાસ કરેલો, સખત મહેનત એ જ એક યોગ્ય અને સાચો માર્ગ છે એવો જીવનમંત્ર એ શિક્ષકો (સંસ્થાના ટ્રસ્ટી- માનનીય **મોંઘીબેન**, **મહેશસર**, **ગોસરાસર**, **જાગૃતિબેન**, **પંડ્યાસર** વગેરે) ના જીવનમાં પ્રત્યક્ષ અમલ થતાં જોયો અને એમનાથી પ્રેરાઈ એ જીવનમંત્ર મેં પણ અપનાવ્યો અને ત્યારથી જ તેના પર અમલ કરવાનું શરૂ કરેલું. આજે જે કંઈ છું અથવા જ્યાં છું ત્યાં પહોંચવામાં આ જીવનમંત્ર મારો મહત્ત્વનો આધારસ્તંભ રહ્યો છે. આવો અમૂલ્ય જીવનમંત્ર શીખવાડનાર એ ગુરુજનો અને ત્યાંના સમગ્ર વિદ્યાસંકુલ પ્રત્યે હૃદયથી વંદન અને આભારની લાગણી વ્યક્ત કરું છું.

આપણાં જાણીતાં કેળવણીકાર પૂજ્ય નાનાભાઈ ભટ્ટે ભાવનગર જિલ્લાના આંબલા મુકામે ગ્રામ દક્ષિણામૂર્તિ લોકશાળાની સ્થાપના કરી છે. વર્ષ ૨૦૦૩ માં મારે આ શાળામાં ધોરણ ૧૧-

૧૨ નો અભ્યાસ કરવા જવાનું થાય છે. એક અલગ જ વાતાવરણ આ શાળાનું હતું. ખરેખર, મુક્ત વાતાવરણવાળી શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું જીવનધોરણ જ બદલાઈ જાય છે. આજે જ્યારે વર્ગખંડમાં વિદ્યાર્થીઓને જાપાનીઝ કૃતિ 'તોત્તો-ચાન' (રમણ સોની દ્વારા અનુવાદિત) ભણાવું છું, ત્યારે અવારનવાર આ શાળાના સ્મરણોને મનોમન વાગોળું છું. આ શાળાના શિક્ષકો - (**ભાનુભાઈ**, **ઘનશ્યામભાઈ**, **બાબુભાઈ**, **ગૌરાંગભાઈ** (ગૌરાંગભાઈ અમારા ગુજરાતીના શિક્ષક) વગેરે) એ વિદ્યાર્થીઓને પરિવારના સભ્યો, સંતાનોની જેમ સાચવ્યા છે, સાચવે છે. મારી વાંચનવૃત્તિને પોષવામાં આ શાળા, તેના શિક્ષકો અને સમગ્ર શાળા પરિવારે ખૂબ મહત્ત્વનો ફાળો આપ્યો છે. અહીંના ગ્રંથાલયનો આજીવન ઋણી રહીશ. દર્શકકૃત 'દીપનિર્વાણ' નવલકથા મેં અહીં જ વાંચેલી અને ખૂબ ખુશ થયેલો, આનંદ-સુચરિતાની પ્રથમ મુલાકાતનું દશ્ય આજે પણ ચિત્તમાં સજીવ છે. ત્યારથી જ ચિત્તમાં નવલકથાપ્રીતિ જાગે છે, અને એ પ્રીતિ હજુ અનવરત વધ્યે જ જાય છે. અહીં કેટલાક મિત્રો પણ મળેલા જેમને હું કદી નહીં વિસરું - **મયુર**, **જયદેવ**, **મુકેશ**, **વિરેન્દ્ર**, **દિલીપ**, **વિજય** વગેરે. મારા વ્યક્તિત્વ વિકાસમાં રસ દાખવનાર આ શાળા અને તેના સમગ્ર પરિવાર પ્રત્યે હું આનંદસહ આભારની લાગણી વ્યક્ત કરું છું.

કચ્છની નામાંક્તિ કોલેજ, તોલાણી કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ, આદિપુરમાં વર્ષ ૨૦૦૫ માં ગુજરાતી-સંસ્કૃત-ઇતિહાસ વિષયો સાથે સ્નાતક કક્ષાએ પ્રવેશ લીધો. અહીં ગુજરાતી વિષયના અધ્યાપક તરીકે શ્રી **રમેશ દેશમુખસર** અને શ્રીમતી **સોનલબેન વૈષ્ણવ**નો સંપર્ક થાય છે. બંને અધ્યાપકો ખૂબ જ ઉત્સાહી અને આજ સુધી મારા માર્ગદર્શક રહ્યા છે. દેશમુખસરે ભણાવેલ ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ અને સોનલબેને ભણાવેલ ભાષાવિજ્ઞાન તથા સાહિત્ય વિવેચન પછીથી મારા પ્રિય વિષયો બની રહે છે. આ બંને ગુરુજનોનો વંદનસહ આભારી છું. કોલેજના અન્ય અધ્યાપકો **રેણુમેડમ** (હિન્દી), **ભરતસર** (સંસ્કૃત), **મનોજ છાયાસર** (અંગ્રેજી) **બાબુસર** (સમાજશાસ્ત્ર) તેમજ કોલેજના ઉત્સાહી આચાર્યશ્રી **સુશીલ ધર્માણીસાહેબ**ને પણ અત્રે સ્મરું છું, જેમના કોઈ ને કોઈ ગુણસંસ્કારો વિદ્યાર્થી તરીકે મારા હૃદય-મનમાં સંચવાયેલા છે. કોલેજ-ગ્રંથાલયના ગ્રંથો તથા ગ્રંથપાલશ્રી **જાનીસાહેબ**ને મેં વારંવાર એમની જગ્યાએથી ચલિત કર્યા છે. છતાં તેઓ સપ્રેમ પુસ્તકો વાંચવા આપતા અને વેકેશનમાં પણ પુસ્તકો વાંચવા લઈ જવાનું સૂચન કરતા. એમના આવા ઉત્સાહને પરિણામે એ ગ્રંથાલયનો હું ભરપૂર લાભ લઈ શક્યો એ બદલ એમના પ્રત્યે પણ આનંદસહ આભારની લાગણી વ્યક્ત કરું છું. અહીં **ગૌરાંગ**, **ગુલાબ**, **પ્રદીપ**, **આરતી**, **પ્રજ્ઞા**, **માધવી**, **નિકુંજ**, **કૈલાશ**, **વૈશાલી** જેવા મિત્રો મળ્યા જેમના પ્રત્યેના સ્પર્ધાભાવ (અને ક્યારેક ઈર્ષ્યાભાવ, પણ રચનાત્મક) થી હું ઘણું વાંચી-વિચારી શક્યો, એમનો પણ ઋણી

છું. અત્રે કચ્છમાં હાયર એજ્યુકેશન ક્ષેત્રે ગુણવત્તાના સ્તરે સતત વિકાસ દાખવનાર વિદ્યાસંકુલો પૈકીના એક નોંધપાત્ર વિદ્યાસંકુલ તરીકે તોલાણી વિદ્યાસંકુલ તેમજ તેના સમગ્ર કર્મચારીગણ તથા વિદ્યાર્થીગણ પ્રત્યે હું સાનંદ આભારની લાગણી વ્યક્ત કરું છું.

તોલાણી કોલેજમાં સ્નાતકના દ્વિતીય વર્ષમાં અભ્યાસ કરતો ત્યારે વડોદરાની વિખ્યાત વિશ્વવિદ્યાલય - મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાના ગુજરાતી વિભાગના વિદ્યાર્થી અને ત્યાં જ ગુજરાતી વિષયના અધ્યાપક તરીકે નિમાયેલા **ડૉ. કાન્તી માલસતર** એક વ્યાખ્યાન લેવા આવેલા. એમનું વક્તવ્ય અને વિષયપરક પ્રભુત્વ જોઈ મને પણ એમ. એસ. યુનિવર્સિટીનમાં ભણવાની ઈચ્છા થઈ આવેલી. એ ઈચ્છાને અનુસરી વર્ષ ૨૦૦૮ માં એમ. એસ. યુનિવર્સિટીના ગુજરાતી વિભાગમાં અનુસ્નાતક કક્ષાએ પ્રવેશ લીધો. અનુસ્નાતક કક્ષાએ પ્રવેશથી માંડી હોસ્ટલમાં પ્રવેશ ન મળ્યો ત્યાં સુધીના પંદર દિવસ સુધી પોતાના ઘરમાં પારિવારિક સભ્યની જેમ, જરા ય અજાણ્યું ન લાગે એમ, સ્થાન આપનાર આદરણીય **ડૉ. કાન્તી માલસતર** તેમજ તેમના જીવનસંગિની- **વનિતાબેન** તથા તેમના માતા-પિતાનો હું આજીવન ઋણી રહીશ.

ગુજરાતી વિભાગમાં આવેલા એમ. એ. ના બે વર્ગો બાંધકામની દષ્ટિએ નાના નાના છે, પણ ત્યાંના અધ્યાપકોની અધ્યાપનનિષ્ઠા, અધ્યાપનપદ્ધતિ અને વિદ્યાર્થીપ્રીતિને કારણે એ વર્ગોમાં અમારા ચિત્તચક્ષુ સમક્ષ આખું વિશ્વ ખડું થતું. **ડૉ. નીતાબેન ભગત** સૌંદર્યશાસ્ત્રનું પેપર ભણાવતા. એમના જ વર્ગોમાં પહેલીવાર કાન્ટ, હેગલ વગેરે જેવા વિશ્વના મહાન ચિંતકોનો અને તેમની વિચારધારાનો પરિચય થાય છે. અત્રે એ પણ અચૂક નોંધવું જોઈએ કે મારો જે સંશોધનનો વિષય છે - નવલકથાનો મનોવિશ્લેષણાત્મક અભ્યાસ એનો સૌથી પ્રથમ અને પાયારૂપ પરિચય **ડૉ. નીતાબેને** જ કરાવેલો. એમ. એ. પાર્ટ - II માં પેપર - ૧૦ (ક) વિવેચનના વિવિધ અભિગમો - અંતર્ગત મનોવિશ્લેષણાત્મક અભિગમ અને ચૈતન્યલક્ષી અભિગમનું અધ્યાપન એમણે જ કરાવેલ છે. વિભાગના પ્રત્યેક અધ્યાપકની અધ્યાપનનિષ્ઠા અને વિદ્યાર્થીનિષ્ઠાનો આનંદાયક પરિચય પણ આ પેપર સાથે જ જોડાયેલો છે. એ સમયે એંશી જેટલા વિદ્યાર્થીઓમાંથી માત્ર અમે બે જ જણ, હું અને પ્રિય મિત્ર **હેમંત પરમાર**, વિવેચનના વિવિધ અભિગમોનું પેપર અભ્યાસ માટે પસંદ કરીએ છીએ. છતાં અમારી અભ્યાસપ્રીતિને ધ્યાનમાં લઈ આ પેપર ચાલુ રાખવામાં આવે છે અને **ડૉ. નીતાબેન ભગત**, **ડૉ. જયેશ ભોગાયતાસર** અને **ડૉ. ભરત મહેતાસર** આ પેપર પૂરેપૂરી નિષ્ઠાથી, રસ લઈને ઊંડાણપૂર્વક ભણાવે છે. **ડૉ. જયેશ ભોગાયતાસર** (જેમણે સાહિત્યમીમાંસા જેવા કઠોર વિષય પ્રત્યે પણ પ્રીતિ જન્મે એટલી કોમળતાથી એ પેપર ભણાવેલું), **ડૉ. ભરત મહેતાસર** (જેમને અમે સંશોધનછાત્રો એમની નવલકથાપ્રીતિ અને નવલકથા ક્ષેત્રના

ગહન અભ્યાસને લીધે પ્રેમપૂર્વક 'નવલકથાકોશ' કહેતાં; તેમણે અમારા ચિત્તચક્ષુ સમક્ષ 'ચહેરા'ના 'નિષાદ'નું, 'ક્રાઈમ એન્ડ પનિશમેન્ટ'ના 'રાસ્કોલનિકોવ'નું અને 'સૂરજ કા સાતવાં ઘોડા'ની 'જમુના'નું અવિસ્મરણીય ચરિત્રચિત્રણ કરી, નવલકથાને અનેક દૃષ્ટિકોણોથી જોતાં શીખવાડ્યું), **ડૉ. રાજેશ પંડ્યાસર** (જીવનાનંદદાસની 'વનલતાસેન'ના કાવ્યો ભણાવે ત્યારે ગુરુ-શિષ્યો ઉભય પક્ષ એવા રસમગ્ન થઈ જતાં કે કાન્તીસરે આવીને કહેવું પડતું - 'ભાઈ, હવે મારો પીરિયડ છે'. રાજેશસરનું અને તેમની પ્રકૃતિપ્રીતિનું અનુસરણ કરતાં પ્રકૃતિને જોવા-માણવાની દૃષ્ટિ વિકસી), **ડૉ. પુંડલિક પવારસર** (મધ્યકાલીન સાહિત્યમાં થોડી અરુચિ હતી, પણ એમણે ભણાવેલ દયારામની ગરબીઓમાં રસ પડતાં મધ્યકાલીન સાહિત્યના ઈતિહાસ અને મુખ્ય મુખ્ય સર્જકોનું અધ્યયન પુનઃ આદરેલું, અત્રે અચૂકપણે નોંધવું ઘટે કે સાહેબે 'વિવિધાસંચાર' સાથે સંકળાવવાનો અવકાશ આપ્યો એમાંથી પણ ઘણું શીખ્યો), **ડૉ. દર્શિની દાદાવાલામેડમ** (નર્મદથી આરંભી છેક ગાંધીયુગ સુધીની ગુજરાતી સાહિત્ય વિવેચનાનો એમણે કરાવેલો અભ્યાસ અને એ નિમિત્તે તેમની પદ્ધતિસરની અધ્યાપનપ્રવૃત્તિના સુખદ અનુભવોને આજે પણ વાગોળું છું) **ડૉ. કાન્તી માલસતરસર** (જેમણે વ્યક્તિગત સંબંધથી મને ખૂબ સહકાર આપ્યો છે, પણ અધ્યાપકલેખે 'ચખોવ'કૃત 'વોર્ડ નબંર છ' નો તેમણે કરાવેલો અભ્યાસ કે મરાઠી સર્જક ભાલચંદ્ર નેમાડેકૃત 'કોસલા' ના પાંડુરંગ સાંગવીકરનું કરેલું રસપ્રદ ચરિત્રચિત્રણ મારા માટે અવિસ્મરણીય છે), **ડૉ. ભરત પંડ્યાસર** (જેમણે ભાષાની ઉચ્ચારપ્રક્રિયાનો એવો રસપ્રદ અને સુગ્રાહ્ય અભ્યાસ કરાવેલો કે આજ સુધી તેની યાદ તરોતાજ છે. વિભાગે અભ્યાસક્રમમાં મૂકેલું અને પંડ્યાસરે ભણાવેલું સાહિત્ય સંશોધનનું પેપર મારા જેવા નવોદિત સંશોધનકર્તા માટે ખરેખર ખૂબ ઉપકારક નીવડે છે) અને છેલ્લે હાલના વિભાગાધ્યક્ષ **ડૉ. દીપક રાવલસાહેબ** (એમની પાસે વર્ગખંડમાં ભણ્યો નથી, પણ સંશોધનછાત્ર તરીકે એમની અધ્યક્ષતામાં કાર્ય કરતો, કરું છું, ત્યારે તેમનો પ્રેમાળ, હૂંફભર્યો અને ખાસ તો શ્રદ્ધાવાદી સ્વભાવ મને સ્પર્શી ગયો છે) – આવા વિભિન્ન પ્રકૃતિવાળા અને વિભિન્ન શક્તિઓ ધરાવતા અધ્યાપકશ્રીઓની સંગતમાં મૂકવા બદલ ઈશ્વરનો માનીએ એટલો ઉપકાર ઓછો પડે. આ તમામ અધ્યાપકશ્રીઓએ મારી તદ્રાવસ્થિત સાહિત્યરુચિને જાગ્રત કરવામાં નોંધપાત્ર ભૂમિકા ભજેવલી છે, એમનો આભાર માનવો કેમ ભૂલું ? વળી, સંશોધનકાર્ય દરમ્યાન આ સર્વે અધ્યાપકશ્રીઓ અને અન્ય કર્મચારીશ્રીઓ મને કોઈ ને કોઈ રીતે મદદરૂપ થયા છે. આથી, ગુજરાતી વિભાગ અને તેના સમગ્ર અધ્યાપકવૃંદ તથા **મંગળકાકા**, **જીમીભાઈ** વગેરે બિન શૈક્ષણિક કર્મચારીઓ પ્રત્યે હું પ્રણામસહ આભારની લાગણી વ્યક્ત કરું છું.

૦૧/૦૭/૨૦૧૧ ના રોજ આજ વિભાગમાં હું સંશોધનછાત્ર તરીકે જોડાવું છું. **ડૉ. ભરત પંડ્યા** મારા માર્ગદર્શક. સંશોધનવિષયનો પયારૂપ પરિચય તો **ડૉ. નીતાબેન ભગતે** એમ. એ. ના અભ્યાસ દરમ્યાન ઝીણવટપૂર્વક કરાવેલો. પણ હવે વધારે ઝીણવટ, ચોક્કસાઈ અને સ્પષ્ટતાની આવશ્યક્તા હતી. **ડૉ. ભરત પંડ્યાસર**નું માર્ગદર્શન એ માટે ખૂબ ઉપયોગી થાય છે. સૈદ્ધાંતિક વિચારણાનું પહેલું પ્રકરણ મને વારંવાર મૂંઝવતું એમની સાથે કરેલી ચર્ચાઓ અને એમણે કરેલ દિશાસૂચન ખૂબ ઉપયોગી થયું છે. નવલકથાનું કથાવસ્તુ અને તેની વસ્તુસંકલના, પાત્રાલેખન અને તેમાં પ્રયોજાતી વિવિધ રચનાપ્રયુક્તિઓનું મનોવિશ્લેષણાત્મક અધ્યયન કેવી રીતે કરવું એ અંગે તેમણે વારંવાર ચર્ચાઓ કરી યોગ્ય દિશાનિર્દેશ કર્યો. મધુ કોઠારી અને ભાનુપ્રસાદ પંડ્યાના મનોવિશ્લેષણાત્મક અભિગમને લગતા અપ્રાપ્ય પુસ્તકો (મેં ગ્રંથાલયોમાં અને પ્રકાશન સંસ્થાઓમાં ખૂબ શોધ્યાં, પણ મળ્યાં નહીં) તેમણે ગમે ત્યાંથી મેળવી મારા હાથમાં મૂક્યા ત્યારે જ જંપ્યા. એમનો એ ઉત્સાહ જોઈ મારો અધ્યયનોત્સાહ પણ વધ્યો. માર્ગદર્શક તરીકે તેમના રચનાત્મક પાસાંઓ ઉપરાંત વ્યક્તિગત પાસાંઓની દષ્ટિએ પણ તેઓ મારા માટે પૂજ્ય અને માર્ગદર્શક રહ્યા છે. વિદ્યાર્થીઓ સાથેની સ્નેહસભર અને સંતાનની માફક વાત કરવાની તેમની શૈલી મને ખૂબ આકર્ષે છે. નિરાશાની પળોમાં પણ જેમણે મારી શ્રદ્ધાને સતત સંકોર્યા કરી એવા **ડૉ. ભરત પંડ્યાસર**નો હૃદયપૂર્વક આભાર માનું છું. કોટિ કોટિ વંદનસહ આભાર સર.

અત્રે **ભરત પંડ્યાસર**ના પરિવારજન (માતા-પિતાથી દૂર અહીં વડોદરામાં ભણતાં વિદ્યાર્થીને પરિવારિક હૂંફ આપી તેથી મારા પણ પરિવારજન જેવા જ) **પ્રીતિબેન** (પત્ની), **ભવદીપ** (પુત્ર) અને **નિધિ** (પુત્રી) નો પણ હૃદયથી આભાર માનું છું.

એમ. એસ. યુનિવર્સિટીમાં કેટલાક મિત્રો મળ્યા એમાં સર્વપ્રથમ પ્રિય મિત્ર **હેમંત પરમાર**ને સ્મરીશ. એમ. એ. થી અમે સાથે ભણતાં, અલગ અલગ વાચતાં અને સામસામે ચર્ચા કરતા. એના સથવારે જ મને અભ્યાસમાં મહેનત કરવાની ધગશ રહી અને એમ. એ. પૂર્ણ થયા પછી તરત જ UGC નેટની પરીક્ષા Junior Research Fellowship સાથે પાસ કરી શક્યો. તેણે પણ એ પરીક્ષા પાસ કરી અને અમને બંનેને સંશોધનછાત્ર તરીકે એક જ વિભાગમાં એક સાથે કામ કરવાની તક મળી. હેમંતને અને તેના પરિવારજનને આ પ્રસંગે સ્મરી તેમના પ્રતિ આભારભાવ વ્યક્ત કરું છું. સહાધ્યાયી મિત્રો - **બિપિન (બંને)**, **નેહા**, **સારિકા**, **દીપેશ**, **શ્રદ્ધા**, **કમલેશ, હિરેન્દ્ર, અંજલી,, મયુરી** વગેરે જેઓ એમ. એ. દરમ્યાન કોઈ ને કોઈ રીતે મને સહાયરૂપ થયા છે તેમને પણ અત્રે આભારસહ સ્મરું છું.

વિભાગના અન્ય સંશોધનછાત્ર - **મૌલિકાબેન**, **જલ્પાબેન**, **ઉર્વશીબેન**, **સુશીલાબેન**, **હેમંત**, **દિલીપ**, **ગિરીશ**, **પ્રકાશ**, **જિજ્ઞાબા**, **રાજેન્દ્ર**, **કનુ**, **યોગેશ** (નવા મિત્રો **રાઘવ, મનાલી)** ઉપરાંત UGC ના DRS પ્રોજેક્ટ અંતર્ગત પ્રોજેક્ટ ફેલો તરીકે કાર્ય કરતા **હિરેનભાઈ,** ભરત મહેતાસરના મેજર રિસર્ચ પ્રોજેક્ટમાં પ્રોજેક્ટ ફેલો તરીકે કાર્ય કરતા **દીપકભાઈ,** તથા ભરત પંડ્યાસરના મેજર રિસર્ચ પ્રોજેક્ટમાં પ્રોજેક્ટ ફેલો તરીકે કાર્ય કરતા **કોશાબેન**ને કારણે અમારો નાનકડો સંશોધનછાત્રોનો રૂમ ભર્યો ભાદર્યો લાગતો, હજુ પણ લાગે છે. એ રૂમમાં કેટલીયે સાહિત્યિક, બિનસાહિત્યિક ચર્ચાઓ-વાદવિવાદો કર્યા. એકસાથે સમૂહમાં જમતાં જમતાં સાહિત્યિક ગોષ્ઠી કરવાને પરિણામે ઘણું બધું એકબીજામાંથી શીખ્યા અને એકબીજાને શીખવ્યું. સંશોધનકાર્ય દરમ્યાન સાથી મિત્રો સાથે ગાળેલા જ્ઞાન સાથે ગમ્મતના એ દિવસો તો ક્યારેય ભૂલાય ? આ શુભ ઘડીએ આપ સર્વ સહૃદયમિત્રોને સહર્ષ આભારની લાગણી સાથે સ્મરું છું.

એમ. એસ. યુનિવર્સિટીની **હંસા મહેતા લાયબ્રેરી**ને તો કેમ વિસરાય ! આ એ જ લાયબ્રેરી છે જે એકબાજુ વાંચનભૂખ સંતોષતી હતી અને બીજીબાજુ અઢળક પુસ્તકોના આકર્ષણ દ્વારા વાંચનભૂખ ઉઘાડતી હતી. એ લાયબ્રેરીનો સંશોધનકાર્ય દરમ્યાન ખૂબ લાભ લીધો છે. આથી, હંસા મહેતા લાયબ્રેરી અને વ્યક્તિગત રીતે ઓળખતા થઈ ગયેલા એ લાયબ્રેરીના તમામ કર્મચારી મિત્રોનો હું સાનંદ આભારી છું.

સંશોધનકાર્ય માટે UGCની Junior Research Fellowship લીધી તે દરમ્યાન એમ. એસ. યુનિવર્સિટીના વિનયન વિદ્યાશાખાના સ્નાતક કક્ષાના ગુજરાતી વિષયના વિદ્યાર્થીઓને ભણાવવાનું થતું. એમને ભણાવતાં ભણાવતાં એમની જ પાસેથી હું પણ ઘણું શીખ્યો છું એનો આનંદ વ્યક્ત કરતાં એમનો પણ આભારી છું.

એમ. એસ. યુનિવર્સિટીમાં હોસ્ટલનિવાસના ૮ વર્ષ દરમ્યાન કેટલાક ખાસ મિત્રો – **ત્રિનયન**, **કૃતિક**, **યક્ષ**, **યજ્ઞ**, **રાજ**, **ભાર્ગવ**, **દેવાંગ**, **પિંકલ**, **પ્રતીક**, **લાલાજી**, **મિતેશ**, **કલ્પેશ**, **અજય**, **જયેશ, જય, કેતન, ચેતન** વગેરે - નો સંપર્ક થયેલો. હોસ્ટેલમાં તો મિત્રો એ જ પરિવારજન. આ બધાં પણ મને સંશોધન ક્ષેત્રે પ્રત્યક્ષ નહિ તો પરોક્ષ રૂપે પણ મદદરૂપ થયા છે એથી એમનો પણ સસ્નેહ આભારી છું.

સંશોધન કાર્ય દરમ્યાન ગુજરાત ભરમાં યોજાતા પરિસંવાદોમાં જવાનું થતું અથવા અમારે ત્યાં વિભાગના પરિસંવાદોમાં ગુજરાત ભરમાંથી વિદ્વાનો-અધ્યાપકો આવતાં. એવા પ્રસંગોએ સંપર્કમાં આવેલા અને મને તેમના અમૂલ્ય સ્નેહ તથા જ્ઞાનકોશનો લાભ આપનાર **- જે. એમ. ચંદ્રવાડિયાસર**, **બિપિન આશરસર, અંબાદાન રોહડિયાસર, બળવંત જાનીસર, રાજેશ**

**મકવાણાસર, દીપક પટેલસર, બલરામ ચાવડાસર, કિશોર વ્યાસસર, વિપુલ પુરોહિતસર, પિનાકિની પંડ્યામેડમ, પ્રસાદ બ્રહ્મભટ્ટસર, ભગીરથ બ્રહ્મભટ્ટસર, પરમ પાઠકસર, ઉષા ઉપાધ્યાયમેડમ, સુધા પંડ્યામેડમ, રમણ સોનીસર, શિરીષ પંચાલસર, પ્રવીણ દરજીસર, ચંદ્રકાન્ત ટોપીવાળાસર, સુમન શાહસર વગેરે-** આ સર્વે વડીલ અને સન્માનનીય ગુરુજનો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરતાં આનંદ અનુભવું છું.

૨૦૧૫ ના ડિસેમ્બર માસથી હું શ્રીમતી સી. આર. ગાર્ડી આર્ટ્સ કૉલેજ, મુનપુર (મહીસાગર) માં ગુજરાતી વિષયના અધ્યાપક સહાયક તરીકે જોડાયો. આ સંશોધન કાર્યનું કેટલુંક મહત્ત્વપૂર્ણ કાર્ય આ કૉલેજમાં જોડાયા પછી થયું છે. કૉલેજના માનનીય આચાર્યશ્રી **ડૉ. એમ. કે. મહેતાસાહેબે** ઘણી વખત પોતે વ્યસ્ત રહીને મને આ કાર્ય પૂરું કરવાનો અવસર આપ્યો છે અને હજુ સતત લખવા-વાંચવાનું પ્રોત્સાહન આપતા રહે છે. એમને પણ અત્રે સાભાર સ્મરું છું. અનુભવ, જ્ઞાન અને વાત્સલ્યભાવને પરિણામે જેઓ મારા ગુરુજનોથી સેજે ઊતરતા નથી એવા કૉલેજના અન્ય સહધ્યાપકો **- ડૉ. સુશીલા વ્યાસ**, **ડૉ. હર્ષિદા શાહ**, **ડૉ. મહેજબીન સૈયદ**, **ડૉ. પ્રકાશ વેકરિયા**, **ડૉ. નવીન પટેલ**, **શ્રીમતી નીતા જોશી**, **શ્રી જયસિંહ ખાંટ**, **ડૉ. જી. પી. ઠાકોર**, **ડૉ. ઘનશ્યામ ભોજવિયા**, **શ્રી પરેશ પારેખ**, **શ્રીમતી લક્ષ્મી વસાવા** - પ્રત્યે પણ સસ્નેહ આનંદની લાગણી વ્યક્ત કરું છું.

મુનપુરમાં કૉલેજના સહધ્યાપક તરીકે મળેલ મિત્ર શ્રી પરેશ પારેખ અને તેમના પરિવારના સભ્યો (**રાધિકાબેન**, **આરતી**, તેમના માતા-પિતા, **રૂબી**, **મલ્હાર**) એ સંશોધનના આ કાર્ય દરમ્યાન મારી અનુકૂળતા સાચવવા મુશ્કેલી વેઠીને પણ મને સપ્રેમ જમાડ્યો અને બીજી ઘણી રીતે મને મદદરૂપ થયા. એથી આવા શુભ પ્રસંગે એમને સ્મરી એમનો આભાર વ્યક્ત ન કરું તો કૃતઘ્ની ગણાઉ.

અભ્યાસાર્થે અને હવે નોકરીને કારણે સતત બહાર ને બહાર રહેવાનું થવાથી ગામ (ચંદિયા) ના મિત્રોથી દૂર રહેવાનું થયું છતાં જેઓ મને સતત સંભારતા રહે છે અને મારા સંશોધનકાર્ય વિશે સતત પૃચ્છા કરતા રહે છે એવા મિત્રો - **મુકેશ બાંભણિયા**, **પરેશ**, **પ્રતાપ**, **મુકેશ કાતરીયા, ભરત કાતરીયા, રમેશ**, **વિનોદ**, **હરેશ**, **નીતિન, દિનેશ બાંભણિયા, દિનેશ માલા, કિશોર, હિતેશ, મહેન્દ્રા**દિને સહર્ષ, સાભાર સ્મરું છું.

મારા પરિવારના સભ્યો, મારી બહેનો - **પાયલ**, **દક્ષા** અને **રીના** (જેઓ નાનપણથી વાડી-ખેતીમાં મારે ભાગે આવેલ કામ પોતે કરી મને વાંચવા-લખવાનો અવકાશ કરી આપતી) તથા નાનો ભાઈ **ભરત** જે પારિવારિક રીતે તેમજ આ સંશોધનકાર્ય દરમ્યાન યુનિવર્સિટીના

કામોમાં સીધી રીતે મને ઘણી વખત મદદરૂપ થયો છે. મારી જીવનસંગિની **ભક્તિ**એ વાંચન-લેખનમાં વ્યસ્ત હોઉ ત્યારે વગર કહ્યે બધી પારિવારિક જવાબદારી પોતા પર લઈ મને નિશ્ચિંત રાખ્યો અને ઘણીવાર તો એ ટાઈપીંગમાં પણ મદદરૂપ થઈ છે. – આ સ્વજનોનો એક વાર આભાર માનીને ન છૂટી શકું. ભવોભવનો એમનો ઋણી રહીશ. સંશોધનકાર્યના અંતમિ ચરણોમાં ખૂબ વ્યસ્તતાને કારણે મારા નવજાત દીકરા **હેમાંગ** માટે બહુ ઓછો સમય ફાળવી શક્યો એ બદલ તેને પણ ક્ષમા-પ્રેમસહ સ્મરું છું

૦૧/૦૭/૨૦૧૧ થી ૦૫/૧૨/૨૦૧૫ સુધી સાડા ચાર વર્ષ UGC, New Delhi એ મારા આ સંશોધનકાર્ય માટે મને Junior/Senior Research Fellowship આપી, મારી આર્થિક જરૂરિયાતો સંતોષી નિશ્ચિંતપણે કામ કરવાનો અવકાશ રચી આપ્યો એ બદલ UGC, New Delhi અને તેના સમગ્ર સ્ટાફનો હું આભારી છું. આ Fellowship અંતર્ગત Junior Research Fellowship ની અવધિ પૂરી થતાં Senior Research Fellowship માટે Assessment Committee ના મેમ્બર તરીકે મારું ઈન્ટરવ્યૂ લેવા આવનાર **ડો. પરમ પાઠક**સરે મને મારા સંશોધનકાર્ય સંદર્ભે કેટલાંક નોંધપાત્ર સૂચનો કરી દિશાનિર્દેશ કર્યો હતો અને મારા સંશોધનકાર્ય અંગે હકારાત્મક અભિપ્રાય આપેલો. એમનું એ ઋણ ક્યારેય નહીં ભૂલું. આભાર સર.

છેલ્લે પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે જેઓ પણ મારા આ કાર્યમાં મદદરૂપ થયા છે એ સર્વનો આભાર માની આ કાર્ય માટે તન-મન-ધન, સામર્થ્ય અને અવસર આપી સૌથી વિશેષ મદદરૂપ થનાર ઈશ્વરનો સહર્ષ વંદનસહ આભાર માનું છું.

તારીખ : ૨૯/૦૭/૨૦૧૭
સ્થળ : વડોદરા

બાંભણિયા રાજેન્દ્રકુમાર રમેશભાઈ